(30)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૮)**

૧. મુસાવાયાઓ **વેરમણં કન્નાલિક ગોવાલિક ભોમાલિક થાપણમોસો** મોટકી

૨. સત્તાવીસાએ **અણગાર ગુણેહિં અટ્ઠાવીસાએ આયારપ્પકપ્પેહિં એગૂણતીસાએ** પાવસુયપ્પ

૩. અન્નાણં પરિયાણામિ **નાણં ઉવસંપજ્જામિ અકિરિયં પરિયાણામિ કિરિયં ઉવસંપજ્જામિ મિચ્છત્તં પરિયાણામિ** સમ્મત્તં

૪. સોવણવત્તિયાએ **ઈત્થી વિપ્પરિયાસિયાએ દિટ્ઠી વિપ્પરિયાસિયાએ મણ વિપ્પરિયાસિયાએ પાણભોયણ** વિપ્પરિયાસિયાએ

**(આ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખી કયા પાઠમાં આવે છે?** **(૫)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. પઉમ લેસાએ | **પદ્મલેશ્યાથી** | **ચોથા શ્રમણસૂત્રમાં** |
| ૨. ઉવભોગ | **એકવાર ભોગવાય તેવી** | **સાતમા વ્રતમાં** |
| ૩. ઈત્થં | **આ નિર્ગ્રંથ પ્રવચનમાં** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૪. ખમણિજ્જો | **ક્ષમા કરજો** | **પ્રતિક્રમણના ત્રીજા પાઠમાં** |
| ૫. પચ્ચકખાય | **પ્રત્યાખ્યાન કરીને** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો અને કયા પાઠમાં આવે છે?** **(૫)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. દેવીની આશાતનાથી | **દેવીણં આસાયણાએ** | **ચોથા શ્રમણસૂત્રમાં** |
| ૨. પાલન કરું છું | **પાલેમિ** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૩. પ્રાયશ્ચિત્ત લઈને | **પડિક્કમીને** | **સંથારામાં** |
| ૪. નિવૃત્ત થયો છું | **વિરઓમિ** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૫. અસંયમથી | **અસંજમે** | **ચોથા શ્રમણસૂત્રમાં** |

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૨)**

૧. ગૌરવ એટલે શું? તે કેટલા છે? રસ ગૌરવ એટલે શું?

**જ. અભિમાન અને લોભને કારણે થવાવાળા અશુભ ભાવ. તે ત્રણ છે. રસ ગૌરવ એટલે દૂધ, દહીં વગરે મધુ તથા સ્વાદિષ્ટ રસો ઈચ્છા પ્રમાણે પ્રાપ્ત થવાથી અભિમાન કરવું અને પ્રાપ્ત ન થાય તો તેની લાલસા રાખવી.**

૨. કર્મભૂમિ કેટલી છે? કઈ કઈ? અઢીદ્વીપમાં કયા ક્ષેત્રો અને સમુદ્રનો સમાવેશ થાય છે?

**જ. કર્મભૂમિ ૧૫ છે. પાંચ ભરત, પાંચ ઈરવત, પાંચ મહાવિદેહ. અઢીદ્વીપમાં જંબૂદ્વીપ, ધાતકીખંડ દ્વીપ અને અર્ધપુષ્કર દ્વીપ અને લવણ સમુદ્ર અને કાલોદધિ સમુદ્રનો સમાવેશ થાય છે.**

૩. નિર્ગ્રથ પ્રવચનની આરાધના કરવામાં શ્રદ્ધાના બોલ કેટલા અને કયા કયા છે? તે મૂળ પાઠ અર્થ સાથે લખો.

**જ. ત્રણ. સદ્દહામિ = અંતરથી જેવી છે તેવી માનવારૂપ શ્રદ્ધા કરવી. પત્તિઆમિ = હેતુ અને યુક્તિપૂર્વક સમજીને વિશ્વાસ કરવારૂપ પ્રતીતિ. રોએમિ = ચારિત્ર અને તપનું સેવન કરવાની ઈચ્છારૂપ પ્રતીતિ.**

૪. ૫ થી ૧૦ યતિધર્મના નામ લખો.

**જ. ૫) લાઘવે ૬) સચ્ચે ૭) સંજમે ૮) તવે ૯) અકિંચણે ૧૦) બંભચેરવાસે.**

૫. દિશાની મર્યાદાથી શું લાભ થાય છે?

**જ. લોક અસંખ્યાત યોજન ક્રોડાક્રોડી વિસ્તારવાળો છે. દિશાઓની મર્યાદા કરવાથી મર્યાદાની બહાર જવાનો ત્યાગ થવાથી તે જગ્યાએ થતી હિંસા આદિ પાપોનો મોટો કર્મબંધ અટકે છે.**

૬. **માત્ર સંખ્યા લખો.** શુભ લેશ્યા, જીવના ભેદ, ગ્રહણ કરવા યોગ્ય પ્રતિજ્ઞા, ગોચરીના દોષ

**જ.** શુભ લેશ્યા – **૩,** જીવના ભેદ – **૧૪/૫૬૩,** ગ્રહણ કરવા યોગ્ય પ્રતિજ્ઞા – **૮,** ગોચરીના દોષ – **૪૨.**

**પ્ર.૨ (અ) ગતાગતિના આધારે જવાબ લખો. (૨૮)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. અમર ભેદ કેટલા છે? કયા? શા માટે?

**જ. ૧૯૨. ૭ નરકના અપર્યાપ્તા, ૯૯ દેવના અપર્યાપ્તા, ૮૬ જુગલિયાના અપર્યાપ્તા કારણ કે આ જીવોના આયુષ્ય નિરૂપક્રમી હોવાને કારણે અપર્યાપ્ત અવસ્થામાં મરતા નથી.**

૨. અસંજ્ઞી પંચેન્દ્રિય કેટલું આયુષ્ય બાંધે? તે ક્યાં જાય?

**જ. અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ પલ્યના અસંખ્યાતમા ભાગથી વધુ પરભવનું આયુષ્ય બાંધી શકે નહિ, તેથી આ જીવ મરીને પ્રથમ નરક,૫૧ જાતિના દેવ, ૫૬ અંતરદ્વીપના જુગલિયા સુધી જ જઈ શકે.**

૩. છટ્ઠી નરકનો નીકળ્યો શું થઈ શકે? ત્યાં કઈ કઈ ગતિમાંથી અને તે ગતિના કેટલા ભેદમાંથી આવી શકે?

**જ. છટ્ઠી નરકનો નીકળ્યો શ્રાવક થઈ શકે. તે ચારે ગતિમાંથી આવી શકે. નરકના – ૬ ભેદ તે ૧ થી ૬ નરક, દેવના – ૯૯ ભેદ, મનુષ્યના – ૧૩૧ તે ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા, ૧૫ કર્મભૂમિના મનુષ્યના અપર્યાપ્તા અને પર્યાપ્તા, તિર્યંચના ૪૦ ભેદ તે તેઉ–વાઉના ૮ વર્જીને.**

૪. જેની આગતિ ૨૦ ભેદની હોય તે કોણ? તેની ગતિ કેટલી? માત્ર સંખ્યા લખો.

**જ. બીજી નરક તેની ગતિ ૪૦ ભેદની, ત્રીજા દેવલોકથી આઠમા દેવલોકના દેવ, નવ લોકાંતિક, બીજું–ત્રીજું કિલ્વિષી, તેની ગતિ ૪૦ ભેદની, ૩૦ અકર્મભૂમિના જુગલિયા તેની ગતિ જુદી જુદી હેમવય, હિરણ્યવયની ૧૨૪ ભેદની, હરિવાસ, રમ્યક્વાસની ૧૨૬ ભેદની, દેવકુરુ, ઉત્તરકુરુની ૧૨૮ ભેદની.**

**(૨) નીચેના બોલની વિસ્તારથી ગતાગત લખો. (૧૫)**

૧. હેમવય – આગત ૨૦ ભેદની **૧૫ કર્મભૂમિના મનુષ્ય, ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના એ ૨૦ ના પર્યાપ્તાની.** ગત ૧૨૪ ભેદની **૨૫ ભવનપતિ, ૨૬ વાણવ્યંતર, ૧૦ જ્યોતિષી, પહેલું દેવલોક એ ૬૨ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૧૨૪ ભેદ.**

૨. અજગર – આગત ૨૬૭ ભેદની **૧૭૯ ની લટ (૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા, ૧૫ કર્મભૂમિના મનુ. ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ ૩૦, તિર્યંચના ૪૮ ભેદ), ૮૧ દેવ (૧૫ પરમા., ૩ કિલ્વિષી ૧૮ વર્જીને), ૭ નરકના પર્યાપ્તા એ ૨૬૭ ભેદ.**

ગત ૫૨૩ ભેદની **જીવના ૫૬૩ ભેદમાંથી ૬, ૭ એ બે નરક તથા ૯ મા દેવલોકથી ૫ અનુત્તર વિમાન એ ૧૮ એમ ૨૦ ના અપર્યા. અને પર્યા. વર્જીને ૫૨૩ ભેદ.**

૩. ધૂમ્રપ્રભા – આગત ૧૭ ભેદની **૧૫ કર્મભૂમિના મનુષ્ય, ૨ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય તે ઉરપર અને જળચર એ ૧૭ ના પર્યાપ્તાની.**

ગત ૪૦ ભેદની **૧૫ કર્મભૂમિના મનુષ્ય, ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય એ ૨૦ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૪૦ ભેદ.**

૪. કેવળી – આગત ૧૦૮ ભેદની **૮૧ દેવ (૧૫ પરમા., ૩ કિલ્વિષી ૧૮ વર્જીને), ૧૫ કર્મભૂમિના મનુષ્ય, ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, પ્રથમ ચાર નારકી, પૃથ્વી, પાણી, વનસ્પતિ એ ૧૦૮ ના પર્યાપ્તાની.** ગત **મોક્ષની**.

૫. સોના – આગત ૨૪૩ ભેદની **૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા, ૧૫ કર્મભૂમિના મનુષ્યના અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ ૩૦, તિર્યંચના ૪૮ ભેદ, ભવનપતિથી પહેલું કિલ્વિષી એ ૬૪ જાતિના ભેદ એ ૨૪૩ ભેદ.** ગત ૧૭૯ ભેદની **૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા, કર્મભૂમિના મનુષ્યના અપર્યા. અને પર્યા. એમ ૩૦, તિર્યંચના ૪૮ ભેદ એટલે ૧૭૯.**

**(૩) ખાલી જગ્યા પૂરો. (૫)**

| | **જવાબ** |
|---|---|
| ૧. ...... ....... મરીને આઠમા દેવલોક સુધી જાય છે. | **સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય** |

૨. હરિવાસના જુગલિયા જ. ........ ઉ. ....... સુધી ઉપજે. **ભવનપતિ, બીજા દેવલોક**
૩. ........ અને ......... માત્ર નરક કે દેવમાંથી જ આવે. **ચક્રવર્તી, બળદેવ**
૪. ........ અને ....... નારકી, દેવ કે જુગલિયા થાય નહિ. **ઐકેન્દ્રિય, વિકલેન્દ્રિય**
૫. ...... અને ......... દેવો એકાત મિથ્યાત્વી છે. **૧૫ પરમાધામી, ૩ કિલ્વિષી**

**(આ) ૬૩ શ્લાઘનીય મહાપુરુષોના આધારે નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (૭)**

૧. ૬૩ શલાકા પુરુષોનો જન્મ ભરત અને ઈરવતમાં ક્યાં થાય છે?
**જ. ભરત ક્ષેત્ર, ઈરવત ક્ષેત્રના અને મહાવિદેહ ક્ષેત્રના પ્રથમ ખંડના માત્ર સાડી પચ્ચીસ આર્ય દેશમાં જ થાય છે.**
૨. ચક્રવર્તી અને વાસુદેવ મરીને ક્યાં જાય?
**જ. ચક્રવર્તી પદવીમાં મરે તો નરકમાં અને દીક્ષા લે તો દેવ કે મોક્ષ અને વાસુદેવ મરીને નરકમાં જાય છે.**
૩. બળદેવનું ઈરવત ક્ષેત્રમાં આયુષ્ય કેટલું?
**જ. જ. ૧૨૦૦ વર્ષ, ઉ. ૮૫ લાખ વર્ષ.**
૪. કેટલા અને કયા પદવીધારી નિયમા સમકિતી હોય છે?
**જ. ૩૩, ૨૪ તીર્થંકર અને ૯ બળદેવ.**
૫. વર્તમાને જંબૂદ્વીપ અને ધાતકી ખંડ દ્વીપમાં કેટલા તીર્થંકર છે?
**જ. જંબૂદ્વીપમાં ૪ અને ધાતકીખંડમાં ૮.**
૬. વાસુદેવ કયા રંગના હોય છે? મહાવિદેહમાં કેટલા વાસુદેવ હોય છે?
**જ. શ્યામ રંગના. જ. ૪ ઉ. ૨૮.**
૭. તીર્થંકર અને ચક્રવર્તીની પદવી કેટલીવાર મળે?
**જ. તીર્થંકરની પદવી એકવાર અને ચક્રવર્તીની પદવી બેવાર મળે.**

**(ઇ) વ્યવહાર સમકિતના ૬૭ બોલના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ભૂષણથી શું વધે? તે કેટલા છે? કયા? માત્ર નામ લખો.
**જ. ભૂષણથી જૈનશાસનની શોભા વધે છે. તે પાંચ છે – કુશળતા, પ્રભાવક, વૈયાવચ્ચી, સ્થિર કરનાર અને ધૈર્યવાન.**
૨. સમકિતી જીવ શેનો નાશ કરે છે? શેની વૃદ્ધિ થાય છે? કોનો પરિચય નથી કરવાનો? કોની પ્રશંસા નથી કરવાની?
**જ. ભવભ્રમણના કારણરૂપ મિથ્યાત્વનો નાશ કરે છે. ઉત્તરોત્તર જ્ઞાન, દર્શન અને ચારિત્રની વૃદ્ધિ થાય છે. પરતીર્થિનો પરિચય નથી કરવાનો. અધર્મી પાખંડીઓની પ્રશંસા નથી કરવાની.**
૩. સમકિતી જીવ કેટલા સમયમાં મોક્ષ પ્રાપ્ત કરે? તેની પ્રવૃત્તિમાં શું હોય છે? શેનો નાશ કરે છે? ઉદાહરણ આપો.
**જ. જ. અંતર્મુહૂર્ત ઉ. અર્ધ પુદ્ગલ પરાવર્તન (અનંતકાળ ચક્ર). તેની પ્રવૃત્તિમાં પાપભીરુતા હોય છે. ભવભ્રમણના કારણરૂપ મિથ્યાત્વનો નાશ કરે છે. કૃષ્ણ વાસુદેવ, શ્રેણિક મહારાજા.**
૪. પહેલું લિંગ, બીજું લક્ષણ, ત્રીજી શુદ્ધતા, ચોથું દૂષણ, પાંચમો આગાર, છટ્ઠું સ્થાન, સાતમી રુચિ અને આઠમી પ્રભાવના લખો. (માત્ર નામ)
જ. પહેલું લિંગ – **શ્રુતાનુરાગ,** બીજું લક્ષણ – **સંવેગ,** ત્રીજી શુદ્ધતા – **કાય શુદ્ધતા,** ચોથું દૂષણ – **પરપાસંડ પસંસા,** પાંચમો આગાર – **માતા–પિતા–વિદ્યાગુરુ–શિલ્પાચાર્ય,** છટ્ઠું સ્થાન – **મોક્ષનો ઉપાય પણ છે,** સાતમી રુચિ – **વિસ્તાર રુચિ,** આઠમી પ્રભાવના – **કવિ પ્રભાવના.**
૫. કોની ભક્તિ કરી વિનય કરવાનો છે? વિનય કરવાથી શેની પ્રાપ્તિ થાય છે?
**જ. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિરની ભક્તિ કરી વિનય કરવાનો છે. વિનય કરવાથી અનેક**

**સદ્ગુણોની પ્રાપ્તિ થાય છે.**

**(૨) વ્યાખ્યા લખો.** **(૫)**

૧. ગુણગ્રામ – **મિથ્યાત્વીના ગુણગ્રામ ન કરે, ગુણીજનોના ગુણ પ્રગટ કરે, બહુમાન કરે.**

૨. તિજોરી – **ધર્મરૂપી રત્ન માટે સમકિતરૂપી તિજોરી.**

૩. સૂત્ર રુચિ – **જે જીવ આચારાંગ આદિ આગમ શાસ્ત્રો વાંચીને સમકિતને પ્રાપ્ત કરે છે.**

૪. આગાર – **જેમાં અપવાદ માર્ગે કાર્ય કરવું પડે તે.**

૫. સ્થિરીકરણ – **ધર્મથી વિમુખ થતા જીવને ધર્મમાં સ્થિર કરવા.**

**(૧૦)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મહાવીર સ્વામી ક્યાં પધાર્યા? સુદર્શન શેઠે માતા–પિતાને શું કહ્યું?

**જ. મહાવીર સ્વામી રાજગૃહી નગરીની બહાર પધાર્યા. સુદર્શન શેઠે માતા–પિતાને કહ્યું કે ભગવાન સ્વયં નગરી ની બહાર પધાર્યા હોય અને હું દર્શન કરવા ન જાઉં તેવું ન બને. માટે આપ મને ખુશીથી દર્શન કરવા જવાની અનુમતિ આપો.**

૨. નંદ મણિયારે ચાર દિશામાં શું બનાવ્યું?

**જ. પૂર્વ દિશાના વનખંડમાં ચિત્રશાળા, દક્ષિણ દિશાના વનખંડમાં ભોજનશાળા, પશ્ચિમ દિશાના વનખંડમાં ઔષધાલય, ઉત્તર દિશાના વનખંડમાં અલંકાર સભા બનાવડાવી.**

૩. કૃષ્ણ વાસુદેવે થાવચ્ચા પુત્રના મહેલમાં આવીને શું કહ્યું?

**જ. તું મુંડિત થઈને પ્રવ્રજ્યા ન લઈશ. તું મારી પાસે રહેલા વિપુલ ભોગોને ભોગવ. હું તારા શરીર પરથી પસાર થનાર વાયુને રોકવા અસમર્થ છું. બાકી તારી કોઈપણ ઈચ્છા, બાધા, પીડા કે મુશ્કેલીને હું દૂર કરીશ.**

૪. પ્રાસુક વિહાર અને યાત્રા કોને કહે છે?

**જ. ઉદ્યાનો, દેવળો, આરામો, સભાઓમાં સ્ત્રી, પશુ, નપુંસક રહિત સ્થાનોમાં પાઢિયારી વસ્તુ લઈને વિચરણ કરે તે પ્રાસુક વિહાર છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ, સંયમ આદિ યોગો વડે જીવોની યત્ના કરવી તે યાત્રા છે.**

૫. કોણ બોલે છે અને કોને કહે છે? – ૧) અહીં કોઈ યક્ષ નથી. **અર્જુનમાળી મનમાં વિચારે છે.**
૨) હવે હું જીવી શકું એમ નથી. **દેડકો મનમાં વિચારે છે.**

**(૧૦)**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | **જવાબ** |
|---|---|
| ૧. બુદ્ધ્યા ........ ગ્રહીતુમ્. | **પાના નં. ૧૬૮ કડી ૩** |
| ૨. સમ્પૂર્ણ ......... યથેષ્ટમ્ | **પાના નં. ૧૭૦ કડી ૧૪** |
| ૩. વક્ત્રં ......... કલ્પમ્. | **પાના નં. ૧૬૯ કડી ૧૩** |
| ૪. ભક્તામરની ૨૨ મી કડી લખો. | **પાના નં. ૧૭૧ કડી ૨૨** |

**જય – જિનેન્દ્ર**